**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૭૬ ટકા

# સે-૧ ૩માં શિવ-શકિત મહાયાગ ભાવપૂર્વક સંપન્ન

## ચંડીપાઠના ૧૦ આવર્તનના દશાંશ હોમ સાથે સવા લાખ મંત્રજાપનો સંકલ્પ પૂર્ણ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા.૧૦ જય અંબે પરિવાર ટ્રસ્ટ આયોજીત દસ દિવસીય ત્રિદશાબ્દી મહોત્સવના શિવ-શકિત મહાયાગની પૂર્ણાહૂતિ રવિવારના રોજ કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા સુંદરકાંડ, આનંદનો ગરબો, રાસ-ગરબા, ડાયરો જેવા વિવિધ કાર્યક્રમો પણ આ દિવસો દરમિયાન યોજવામાં આવ્યા હતા. ખાસ અહીં દસ દિવસ દરમિયાન ગણેશ સ્તુતિ, શિવપીઠ, મધ્યપીઠ-ભદ્રમંડળ, નવગ્રહ પીઠ, મહારૂદ્ર પીઠ એમ ૧૦ પીઠીકાઓનું પ્રાતઃ પૂજન કરવામાં આવ્યું હતું તથા મા જગદંબાની મહાપૂજા કરી ચંડીપાઠના ૧૦ આવર્તનના દશાંશ હોમ સાથે મહારૂદ્ર સાથે કુલ સવા લાખ મંત્ર જાપ કરવામાં આવ્યા હતા.

આ મહોત્સવ અંતર્ગત સવા કરોડ નર્વાણ મંત્ર લેખન અને ગૌમુખથી નવાર્ણ મંત્રજાપ કરવામાં આવ્યા હતા. પૂર્ણાહૂતિ અંતર્ગત સનક્ષત્ર બલિદાન વિધિ સાથે સ્થાપિત દેવતાઓનું પૂજન કરવામાં આવ્યું હતું. સ્થળ ખાતે પરીમંડપ બનાવવામાં આવ્યો છે જયાં એક મુખ્ય પરીકુંડ ઉપરાંત ૧૦ સહ પરીકુંડ ખાતેથી કુલ ૩૧ યજમાનોએ શિવશકિત મહાયાગને સાંજે સંધ્યા પૂર્વે હવનકુંડમાં શ્રીફળ હોમીને યજ્ઞની પૂર્ણાહુતિ સાથે મહાઆરતી કરી હતી અને અંતમાં જગદંબા કક્ષ ખાતે મા રથેશ્વરીના રથમાં સ્થાપિત અંબાજીથી પગયાત્રા મારફતે લાવેલી દિવ્ય અખંડ જયોતિને મા અંબાના નિજ મંદિરમાં પરત કરી મૂળ જયોતિ સાથે વિદાય કરવામાં આવી હતી.

આ મહોત્સવ દરમિયાન લગભગ પંદર હજારથી વધુ ધર્મપ્રેમી ભાઈ બહેનોએ મા રથેશ્વરી, દાદા ભોલેનાથ અને મહાયાગ મંડપ ખાતે દર્શન સહિત પરિક્રમા કરી હતી. ધર્મકાર્યની સાથે શહેરીજનો જ્ઞાન મેળવે તે હેતુથી ગાયત્રી પરિવાર તરફથી સાહિત્ય પરિસરમાં પચાસ ટકાથી ઓછી કિંમતે પુસ્તકો વેચવામાં આવ્યા હતા.

આ મહાયાગમાં ખાસ મુખ્ય આચાર્યો કલ્પેશભાઈ મહેતા અને વિપુલભાઈ ભટ્ટ ઉપરાંત ૫૪ ભૂદેવો દ્વારા સેવા આપવામાં આવી હતી તથા સમગ્ર કાર્યક્રમમાં સે-૧૩-બી, સે-૧૩-સી તથા કારોબારીના મળીને કુલ ૨૫૦ સ્વયંસેવકોનો સંપૂર્ણ સહયોગ રહ્યો હતો.




જય અંબે પરિવાર આયોજીત ત્રિદશાબ્દી મહોત્સવ અંતર્ગત શનિવારે રાત્રે અભિતા પટેલના ગરબા યોજાયા હતા જેમાં ૧૫૦૦થી વધુ શહેરીજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● શિવ-શકિત મહાયાગ એટલે શિવ અને શકિતની ઉપાસના. મહાયાગનો ઉદ્દેશ પરિવારના સભ્યો તથા વિશ્વ કલ્યાણ અર્થે તથા પુણ્યરૂપી વરસાદ યજ્ઞ દ્વારા દરેકના જીવનમાં પ્રાપ્ત થાય તે હેતુથી કરવામાં આવ્યો હતો.

● યજ્ઞમાં ન બેઠા હોય તે ભકતો માટે પરીમંડપની બહાર પ્રદક્ષિણા કક્ષ બનાવવામાં આવ્યો હતો જયાં પ્રદક્ષિણા કરવાથી યજ્ઞ કરવા જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે.

● સમગ્ર મહોત્સવ દરમિયાન સવાલાખ રૂદ્રાક્ષનું શિવલિંગ અને પાર્થિવ શિવલિંગ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા.

●●●●●

● ગાંધીનગર પર કોઈ વિઘ્ન ન આવે તથા નગર આવી પ્રવૃત્તિઓમાં સતત નામ નોંધાવતું રહે તેવી મારી પ્રાર્થના.

**- રીટાબેન પટેલ, મેયર**



## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**હાઉસફુલ-૪**
૧.૧૦, ૭.૦૦
**બાલા**
૮.૫૦, ૧૦.૪૦, ૧૧.૪૦, ૧.૩૦, ૨.૩૦, ૪.૨૦, ૫.૨૦, ૮.૧૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**સાંઢ કી આંખ** - ૪.૩૦
**સેટલાઈટ શંકર**
૧.૪૦, ૭.૪૦
**બાયપાસ રોડ**
૧૦.૪૫, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૧૦.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૧૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**બાલા**
૯.૦૦, ૧૦.૧૦, ૧૧.૪૦, ૧.૦૦, ૨.૨૫, ૩.૫૦, ૫.૧૦, ૬.૪૦, ૭.૫૫, ૯.૩૦, ૧૦.૪૦
**સેટલાઈટ શંકર**
૩.૧૫, ૧૦.૪૫
**બાયપાસ રોડ**
૧૨.૨૦, ૬.૦૫
**વોર** - ૧૧.૫૫
**હાઉસફૂલ-૪**
૯.૨૦, ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૯.૦૦, ૧૦.૧૫
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૩૦, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**બાલા**
૯.૦૦, ૧૧.૩૫, ૨.૨૫, ૪.૩૦, ૫.૧૫, ૮.૦૫, ૧૦.૧૫, ૧૦.૫૫
**સેટલાઈટ શંકર**
૧૨.૪૫, ૫.૦૦
**બાયપાસ રોડ**
૯.૫૦, ૧.૪૦, ૭.૨૦
**મેડ ઈન ચાઈના** - ૧૧.૦૦
**સાંડ કી આંખ** - ૩.૩૫
**હાઉસફૂલ-૪**
૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૩૦, ૧૦.૩૦
**હેલ્લારો (ગુજરાતી)**
૯.૧૫, ૧૧.૫૦, ૨.૨૫, ૭.૫૦, ૧૦.૩૦

## સે-૫ વસાહત મંડળની બેઠક યોજાઈ



સે-૫ વસાહત મંડળની વસાહતીઓની બેઠક સેકટરના પ્રશ્નોની ચર્ચા કરવા અર્થે મળી હતી. આ સદર બેઠકમાં વસાહતમાં ઉભરાતી ગટરો બાબતે ઉગ્ર ચર્ચાઓ કરવામાં આવી હતી. ચર્ચાના અંતે મુદા સંબંધિત આવેદનપત્ર કચેરીમાં આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વસાહતના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, ઘનશ્યામસિંહ ગોલ, બચુભાઈ પટેલ, સાગરદાન ગઢવી, નારાયણભાઈ પરમાર તથા સેકટરવાસીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પતિથી ત્રાસી પ્રેમીનો સહારો લીધો પણ પ્રેમીએ તો જીવન નર્કગાર બનાવ્યું...!!

## મારી નાંખવા પર આવેલી ગયેલા શંકાશીલ પ્રેમીથી ૧૮૧ અભયમ્ હેલ્પલાઈને છુટકારો અપાવ્યો

ગાંધીનગર, તા.૧૦ ૧૮૧ અભયમ્‌ની ટીમે ગાંધીનગરના એક ગામમાંથી પોતાનાથી મોટી ઉંમરના આધેડ સાથે મૈત્રી કરારમાં રહેતી યુવતિને બચાવી લીધી છે. ઢોર માર મારતા વ્યસની પતિથી કંટાળીને ૧૩ વર્ષીય યુવતિ ૪૦ વર્ષથી વધુ ઉંમરના પાડોશી સાથે વસવાટ કરતી હતી પરંતુ યુવતિની મુશ્કેલીઓ ઘટવાને બદલે મોટા પ્રમાણમાં વધી ગઈ હતી જેથી યુવતિએ ૧૮૧ ટીમની મદદ માંગતા ટીમે યુવતિને ત્રાસમાંથી મુકત કરાવી હતી.

ઘટનાની મળતી વિગતો મુજબ મધ્યપ્રદેશની ૨૩ વર્ષીય બબીતા (નામ બદલ્યું છે) ના લગ્ન ગાંધીનગર નજીક એક ગામમાં થયા હતા પરંતુ બબીતાનો પતિ અત્યંત દારુ પીતો અને તેની સાથે મારપીટ કરતો હતો. દારૂડીયા પતિથી કંટાળી બબીતાને પાડોશમાં રહેતા પોતાનાથી બમણી ઉંમરના શખ્સ સાથે મૈત્રી થઈ હતી. બબીતા ૪૦ વર્ષીય પ્રેમી સાથે મૈત્રી કરાર કરીને અલગ રહેવા લાગી હતી. આ સંબંધના પરિણામથી હાલ બબીતાને ૧૨ માસની દિકરી છે અને હાલ તે ગર્ભવતી છે. બબીતા સાથે રહેતો પુરૂષ પરિણિત છે અને ચાર બાળકોનો પિતા છે. જો કે તેની પૂર્વ પત્ની બાળકો લઈને પ્રેમી સાથે ભાગી ગઈ છે. ત્યારબાદ તે બબીતા સાથે આંખ મળી જતા રહેવા લાગ્યો હતો. મૈત્રી કરારમાં રહેતી બબીતાનો ૪૦ વર્ષીય પ્રેમી તેની સાથે મારપીટ કરતો હતો અને રૂપિયા કમાવવા માટે તે બબીતાને અન્ય પુરૂષ સાથે સંબંધ બાંધવાનું કહેતો હતો. જો તે કહે તેમ બબીતા ના કરે તો તેને માર મારવામાં આવતો હતો અને બબીતાને એચ.આઈ.વી.ની બિમારી છે તેવી વાત ગામમાં ફેલાવવાની ધમકી પણ આપતો હતો. જેથી ગભરાઈ ગયેલી બબીતાએ મજબુરીમાં પ્રેમીએ જે અન્ય વ્યકિત સાથે ઓળખાણ કરાવી તેની સાથે સંબંધ બાંધ્યા હતા જેના રૂપિયાથી તેણે પ્રેમીને રીક્ષા લાવી આપી હતી. ત્યારે હવે પ્રેમી બબીતાની દરેક વાતને શંકાની દ્દષ્ટિએ જુવે છે અને મારઝુડ કરે છે. બે દિવસ પહેલા જ કપડા સિલાઈ માટે આપવા ગઈ હતી અને બબીતાને ઘરે આવતા મોડું થતા પ્રેમીએ માર માર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયેલા પ્રેમીએ દુપટ્ટા થી ગળું દબાવ્યું હતું જેથી બબીતાએ ૧૮૧ ગાંધીનગરની ટીમની મદદ માંગી હતી. બબીતાને મધ્યપ્રદેશ પરત જવું હતું પરંતુ પ્રેમી ઓરીજનલ ડોકયુમેન્ટ આપતો ન હતો જેથી ૧૮૧ ટીમે બબીતાને તેના તમામ ડોકયુેન્ટ પાછા અપાવ્યા હતા. પોલીસની ટીમનો આભાર વ્યકત કરી બબીતાએ પ્રેમીને પાઠ ભણાવવા મન મકકમ કરી લીધું છે.




ટેકનીકલ પરીક્ષા બોર્ડના નિવૃત્ત તથા હાલ કાર્યરત કર્મચારીઓ તથા અધિકારીઓનું સ્નેહમિલન સદસ્ય ભોજનાલય ખાતે યોજાયું હતું. આ સમારંભમાં કુલ ૫૦થી વધુ કર્મચારીઓએ હાજરી આપી હતી તથા અમદાવાદના નાયબ કલેકટર અનસુયાબેન જહા, ઉપસચિવ ઉદ્યોગ અને ખાણ વિભાગના ચંદ્રકાન્તભાઈ તથા આંકડા બ્યુરોના જોઈન્ટ ડાયરેકટર અનિલ ચાંપાનેરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ફ્રાન્સિસ કોન્ટ્રાકટર અને પ્રકાશ વાણિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ મેથોડિસ્ટ ચર્ચના પ્રાર્થના ખંડ ખાતે દર માસના બીજા રવિવારે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પમાં ફિઝીયોથેરાપી, ડાયાબીટીસ, બી.પી. ચેકઅપ વિના મૂલ્યે કરવામાં આવે છે. શહેરના ૭૦થી વધુ નાગરિકોએ આ કેમ્પનો ઉત્સાહભેર લાભ લીધો હતો. આ કેમ્પનું આયોજન મેથોડિસ્ટ ચર્ચ અને યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે.



## ચિરવિદાય

● સ્વ. નાયક બબાભાઈ હિરાભાઈ, ઉ.વ. ૫૬
● સ્વ. પટેલ કંકુબેન વસંતલાલ, ઉ.વ. ૭૮
● સ્વ. પટેલ અરવિંદભાઈ સોમાભાઈ, ઉ.વ. ૬૩

## સે-૧૭ સરકારી ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહ ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાશે

રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ગાંધીનગર ખાતે ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર ૨૦૧૯ દરમિયાન રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજાશે. જેમાં ભાગ લેવા માટેના ફોર્મ રાજય મધ્યસ્થ ગ્રંથાલય સે-૧૭ ગાંધીનગર ખાતેથી સવારના ૯ થી સાંજના ૬વાગ્યા સુધી મળી રહેશે. ફોર્મ તારીખ ૧૫ નવેમ્બર સાંજના ૬ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

જે સંદર્ભે ઉદઘાટન સમારોહ તથા પુસ્તક પ્રદર્શન યોજાશે. સમારોહનું ઉદઘાટન ૧૪ નવેમ્બર સવારે ૧૧.૩૦ કલાકે થશે. પ્રદર્શનનો સમય ૧૨થી ૫ વાગ્યા સુધીનો રહેશે.


વિવિધ સ્પર્ધાઓમાં ૧૫ નવેમ્બરે મહેંદી હરીફાઈ ૧૨ થી ૧ કલાક દરમિયાન તથા રંગોળી ૩ થી ૪ કલાક દરમિયાન યોજાશે. ૧૬ નવેમ્બરે વેશભુષા બપોરે ૩ થી ૪ કલાક દરમિયાન યોજાશે. ચિત્ર સ્પર્ધા ૧૮ નવેમ્બરે ૧૨ થી ૧ કલાક દરમિયાન યોજાશે. જયારે નિબંધ સ્પર્ધા ૧૯ નવેમ્બરના રોજ ૨ થી ૩ કલાક દરમિયાન યોજાશે. જેમાં વિષય 'એક ભારત શ્રેષ્ઠ ભારત' તથા 'મેરે પ્યારે બાપુ ગાંધીજી' રાખવામાં આવેલ છે. તા. ૨૦ નવેમ્બરના રોજ બપોરે ૧૨ થી ૧ કલાક દરમિયાન સમાપન કાર્યક્રમ તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે તેમ ગ્રંથાલયના ગ્રંથપાલ પંકજ ગોસ્વામી દ્વારા જણાવાયું છે.

# રસોડાં તો ખુલ્લાં કર્યા હવે રોડ પર ઉડતાં 'વઘાર'થી પણ બચાવજો...!!

## હવે ગ્રાહક રસોડામાં પ્રવેશી રેસ્ટોરન્ટ-હોટલની સ્વચ્છતા કે અન્ય બાબતો તપાસી શકશે : રોડ સાઈડ ઉભી રહેતી ખાણી-પીણીની રેંકડીઓ કે રોડ નજીકની ખુલ્લામાં રાંધતી રેસ્ટોરન્ટના ઉડતાં વઘારથી વાહનચાલકોને પડતી મુશ્કેલીઓ અંગે પણ પગલાં લેવાય તે જરૂરી

ગાંધીનગર, તા.૧૦ નૂતન વર્ષના આગમન સાથે જ શિયાળાની ઋતુનો પ્રારંભ થઈ જાય છે. આ ઋતુ સ્વાસ્થ્ય માટે ઉત્તમ ઋતુ કહેવાય છે તે સાથે જ ચટાકેદાર-લિજજતદાર-મસાલેદાર વાનગીઓ આરોગવા માટે પણ શિયાળાનો સમય શ્રેષ્ઠ ગણાય છે. આ વર્ષે તો ગુજરાત સરકારે પણ સ્વાદરસિયા નાગરિકોને નવા વર્ષની ભેટ સ્વરૂપે એક નિર્ણય કર્યો છે જે અનુસાર રાજયમાં સામાન્યથી માંડીને સેવનસ્ટાર હોટલ કે રેસ્ટોરન્ટ હોય તે તમામના રસોડા પરથી 'નો એન્ટ્રી વિધાઉટ પરમીશન' એટલે કે 'રજા સિવાય અંદર જવું નહીં' અથવા 'નો એડમિશન' જેવા પાટિયાં ઉતારી દેવા કે લખાણો દૂર કરી દેવા ખોરાક અને ઔષધ નિયમન વિભાગ દ્વારા આદેશ આપતો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જો કે આ સાથે સરકારે રાજયભરમાં ખાસ કરીને શહેરી વિસ્તારોમાં રોડની નજીક ઉભી રહેતી ખાણી પીણીની રેંકડીઓ કે રોડ ટચ આવેલી નાની-મોટી રેસ્ટોરન્ટ જેઓ પોતાનો ચુલો બહાર રોડ તરફ રાખે છે તેમના કારણે તે સ્થળે રોડ પરથી પસાર થઈ રહેલા વાહનચાલકો માટે ઉડીને આંખમાં આવી પડતાં 'વઘાર'થી મુશ્કેલી સર્જાય છે તેથી રોડથી સલામત અંતર જળવાય તેટલાં દૂર તેમને ખસેડવાનો નિર્ણય કરવો પણ વાહનચાલકો માટે આશીર્વાદરૂપ બનશે.

રાજય સરકાર દ્વારા લેવામાં આવેલો નિર્ણય ઘણો આવકારદાયક છે જેના કારણે હવે રેસ્ટોરન્ટ-હોટલોના રસોડામાં પ્રાઈવસીના નામે ચાલી રહેલી સ્વચ્છતા, હાઈજીન કે ખોરાકની ગુણવત્તા




બાબતે સેવવામાં આવી રહેલી અક્ષમ્ય બેદરકારી પર અંકુશ આવશે અને હાજીનો મોટો કે તેના જેવા અન્ય પ્રતિબંધિત અથવા સ્વાસ્થ્યને નુકસાનકર્તા પદાર્થોના ઉપયોગ પર નિયંત્રણ આવશે. આ નિર્ણયની સીધી અસર રાજયની આશરે સવા લાખ જેટલી રેસ્ટોરન્ટ અને ૫૦ હજારથી વધુ હોટેલ્સને અસર કરશે પરંતુ બહુ ઓછા વ્યકિતઓને ખબર છે કે સરકારના આ નિર્ણય પાછળ અમદાવાદના એક જાગૃત યુવા પત્રકાર હિરેન ઉપાધ્યાયની જાગૃતિના કારણે આ નિર્ણય શકય બન્યો છે. બન્યું એવું કે આ પત્રકારે પહેલા હેવમોર અને હવે હોકો ઈટરીના નવા નામથી ઓળખાતી ગુજરાતની જાણીતી ફુડ ચેઈનની આનંદનગર ચાર રસ્તા પાસેની શાખામાંથી ચણાપુરીની બે પ્લેટ પાર્સલ પેકિંગ કરાવી ઘરે લાવ્યા અને તે પરિવાર સાથે ખાવાની શરૂઆત કરી ત્યારે તેમાં મરેલો મંકોડો મળી આવ્યો હતો. આથી તેનો મોબાઈલમાં ફોટો લઈ પછી રેસ્ટોરન્ટ પર જઈ ફરિયાદ કરી અને થોડી રકઝક પછી રેસ્ટોરન્ટે પોતાની ભૂલ કબુલી નાણાં પરત કરવાની ઓફર કરી પરંતુ પત્રકારે રેસ્ટોરન્ટનું રસોડું અને તેની ચોખ્ખાઈ તપાસવાનો આગ્રહ રાખ્યો ત્યારે રેસ્ટોરન્ટ સંચાલકોએ ઘસીને 'ના' પાડી દીધી હતી. આ બાબતે પત્રકારે અમદાવાદ મ્યુનિસિપલ મેયર તથા કમિશનર અને મ્યુ. આરોગ્ય વિભાગને જાણ કરી તેમજ મામલો છેક ગાંધીનગર સુધી રાજયના આરોગ્ય વિભાગ સુધી લઈ જતા તેમની રજૂઆતને ગંભીરતાથી લઈ રાજય સરકારે કોઈ પણ ગ્રાહક જમવા જાય ત્યારે રસોડું તપાસી શકે તે તેનો હકક છે તે વધુ મજબૂત બનાવતો નિર્ણય લીધો હતો.





જો કે જયાં ગ્રાહક કોઈ પણ ઝાઝી મહેનત વગર જ પોતાની ખુલ્લી આંખે જોઈ શકે છે તેવી ખાણીપીણીની રેંકડીઓ કે ખુમચાં પર કેટલી સાફ સફાઈ કે હાઈજીન અંગે જાળવણીની તકેદારી લેવામાં આવે છે તે આપણે સૌ જાણીએ છીએ પરંતુ સવાલ માત્ર થોડોક અવાજ ઉઠાવવાનો છે અને અસ્વચ્છ કે ભેળસેળ યુકત ખોરાક ખાવાથી દૂર રહેવાનો છે. હવે તો સરકારના ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ વિભાગે મિઠાઈની દુકાનોને પણ ફરમાન કર્યું છે કે તેમની દરેક વાનગી શેમાંથી બને છે તે ગ્રાહકોને વંચાય તે રીતે લખીને બોર્ડ લગાવવું પડશે. વળી, આ રેંકડીઓ રોડની સાઈડમાં રોડને અડીને જ ઉભી રહી જાય છે જેમાં તેઓ વિવિધ વાનગીઓ બનાવવા તવા પર વઘાર કરે કે કોઈ ચીજવસ્તુ તળે ત્યારે જે ધુમાડો ઉત્પન્ન થાય છે તેમાં મરચું, હળદરથી માંડીને અનેક પ્રકારના તેજાના ભળેલા હોય છે અને આ ધુમાડો કે તેના છાંટા રોડ તરફનો પવન હોય ત્યારે ઉડીને રોડ તરફ જાય છે ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલા વાહનો ખાસ કરીને ટુ વ્હીલર ચાલકોની આંખમાં પડતા હોય છે અને તે વાહનચાલકને દસથી બાર સેકન્ડ માટે વાહન ચલાવવું મુશ્કેલ બની જતું હોય છે. પોતાના પરિવાર સાથે પસાર થઈ રહેલા ટુ વ્હીલર ચાલક માટે તો આ સ્થિતિ વધુ જોખમકારક બની જાય છે. કેટલીકવાર તો વાહનચાલકને આ કારણે ચાલુ વાહને ઉધરસ ચઢી જાય કે આગળ દેખાતું બંધ થઈ જાય તેવી સ્થિતિ સર્જાતી હોય છે. આ પ્રકારની રેંકડીઓ ખાસ કરીને શિયાળાના સમયમાં વધુ જોવા મળે છે જેમાં પાઉંભાજી, દાબેલી, વડાપાઉંથી માંડીને ઈંડા-આમલેટ ખીમાની લારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં તો રેસ્ટોરન્ટસની હારમાળા જ રોડને અડીને આવેલી હોય છે જેના ચુલા બહાર રોડ નજીક ખુલ્લામાં હોય છે, રેંકડીઓ પણ મોટે ભાગે હારબંધ જ ઉભી રહેતી હોવાથી વાહનચાલકો માટે તે ચાલુ હોય ત્યારે ત્યાંથી પસાર થવું અઘરું હોય છે. આમ તો રેંકડીવાળા માટે હોકર્સ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવતા હોય છે જેની પ્રક્રિયામાં રોડથી અમુક અંતરે દૂર ઉભા રહેવાના નિયમો સામેલ હશે પરંતુ તેનું પાલન થાય છે કે નહીં તે પણ જોવું કોને જરુરી લાગે છે? એકવાર હોકર્સ લાયસન્સ ઈશ્યુ થઈ જાય પછી જાણે ગમે ત્યાં ઉભા રહી જવાનો પરવાનો મળ્યો હોય તેમ તેઓ પાર્કિંગ લૉટનું દબાણ કરતાં પણ અચકાતા નથી અને આપણે તો વિવિધ વિભાગો વચ્ચેના તાલમેલના અભાવે બસ 'સહન' કરી રાખીએ છીએ એટલે નિયમ તોડનાર અને નિયમનકાર બંને પોતાના 'પેટ' ભરે રાખે છે, ખરુંને??

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com